### અમદાવાદની કોપી કરવામાં પુસ્તક, બાગાયત, શિલ્પ અને ફ્લાવર શોના આયોજનમાં મહાપાલિકાએ બુદ્ધિનું દેવાળું ફૂંક્યું

# પ્લાસ્ટિક ફૂલથી મનપાનો 'ફ્લાવર શો' તાયફા સમાન

**ફ્લાવર** શો હંમેશાં ઠંડકના સમયે યોજવો જોઈએ, પરંતુ મનપાએ ફેબ્રુ,.ના અંતમાં ગરમીમાં યોજ્યો

**લોકો** સાચાં ફુલો જોવા આવે છે અને જોવા મળે છે પ્લાસ્ટિકનાં ફૂલ!

**અગાઉ** રોજના 50 હજાર મુલાકાતી આવતા હતા, હવે માત્ર 20 હજાર

સુરતઃ અમદાવાદની કોપી કરવામાં કોરોનાના પાંચ વર્ષ પછી સુરત મહાપાલિકા દ્વારા યુનિ.ના ગ્રાઉન્ડ પર યોજવામાં આવેલો પુસ્તક, બાગાયત, શિલ્પ અને ફ્લાવર મેળો એક તાયફો સાબિત થયો છે. સુરતીઓને એવી અપેક્ષા હતી કે આ મેળો માણવાને લાયક હશે પરંતુ તેમની આશા ઠગારી નિવડી છે. મનપાના શાસકોએ સામી ચૂંટણીએ વગર ખર્ચે પ્રચાર કરી લેવા માટે આ મેળાનું આયોજન કર્યું હોવાથી આ મેળો હવે હાસ્યાસ્પદ ઠરી રહ્યો છે અને સુરતીઓ નારાજ થઈને મેળામાંથી પરત થઈ રહ્યા છે.

મેળાના આયોજન માટે સમયની પસંદગીથી માંડીને ટેન્ડરમાં ભ્રષ્ટાચાર ઉપરાંત ફ્લાવર શોમાં ફ્લાવર જ નહીં હોવાના અને પ્લાસ્ટિકના ફુલો ગોઠવી દેવાયાના આક્ષેપો થઈ રહ્યા છે. અગાઉ વનિતા વિશ્રામના મેદાન ખાતે આ આયોજન થતું ત્યારે રોજના 50 હજારથી વધુ લોકો આવતા હતા. જ્યારે આ વખતે મનપાના 'ભોપાળા'ને કારણે મેળામાં બીજા દિવસે માત્ર 20 હજાર લોકો જ આવ્યા હતા.

### ઠંડકના સમયે કરવાને બદલે ગરમીમાં ફ્લાવર શો કરાયો, નવસારી કે AM/NSનો ફ્લાવર શો જોયો હોત તો પણ કંઈક સારું થઈ શક્યું હોત

ખરેખર ફ્લાવર શો ઠંડક હોય તેવા સમયે એટલે કે ડિસે.થી જાન્યુ.માં જ કરવાનો હોય પરંતુ આ વખતે ફેબ્રુઆરી અને તે પણ અંતમાં યોજાયો છે. જેને કારણે ફ્લાવર શોમાં ફૂલોમાં જ 'નૂર' દેખાતું નથી. અસલી ફૂલોની જગ્યાએ મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક અને નકલી ફૂલોનો ઉપયોગ કરી કૃતિઓ બનાવવામાં આવતાં લોકોમાં ગુસ્સો ફેલાયો છે. અમદાવાદના પ્રસિદ્ધ ફ્લાવર શો જોઈ આવેલા સુરતીઓ ખુલ્લેઆમ કહી રહ્યા છે કે આયોજન, વિસ્તાર અને ગુણવત્તાની દૃષ્ટિએ મનપાનું તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. અમદાવાદ જેવું આયોજન તો ઠીક પણ પડખેના નવસારીમાં કરાયેલા ફ્લાવર શો જેવું આયોજન પણ સુરત મનપા કરી શકી નથી. હજીરામાં એએમ-એનએસનો ફ્લાવર શો પણ મનપાના આ ફ્લાવર શો કરતાં સારો હતો તેવું લોકો કહી રહ્યા છે.

### 86 લાખના બદલે 1.38 કરોડ : 63 ટકા ઊંચા ટેન્ડરથી ઇજારદારો સાથે મિલીભગતની શંકા

પુસ્તક મેળો શરૂ થાય તે પહેલા જ તેની ટેન્ડર પ્રક્રિયામાં લાખો રૂપિયાની ગેરરીતિ થઈ હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. કેમકે પુસ્તક મેળાના મંડપ અને સ્ટોલ માટે મનપાએ 86 લાખનું અંદાજિત બજેટ નક્કી કર્યું હતું, પરંતુ અધિકારીઓએ મિલીભગત કરીને એસ્ટિમેટ કરતા 63% વધુ રકમ એટલે કે અંદાજે 1.38 કરોડનું ટેન્ડર ભરનાર ઈજારદારને ક્વોલિફાય કરી દીધો છે. આ પ્રક્રિયામાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન કરી પ્રથમ ટેન્ડરમાં જ ઉંચા ભાવ મંજૂર કરી મનપાની તિજોરીને લાખો રૂપિયાનું નુકસાન કરાયું છે. એ વાત પણ ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમા સૌથી સફળ રહેલા વર્ષ 2018ના પુસ્તક મેળામાં 24% ઓછા ભાવે સારૂ આયોજન કરનારા એજન્સીને આ વખતે ટેન્ડર પ્રક્રીયામાંથી ડિસક્વોલિફાય કરીને ઉંચો ભાવ ભરનાર એજન્સીનો માર્ગ મોકળો કરાયો હોવાના આક્ષેપ પણ ઉઠયા છે. જે આ મેળાની હાસ્યસ્પદ આયોજન જોઇને સાચા લાગી રહ્યા છે.

### મેટ્રો કે મજાર? સોશિયલ મીડિયામાં મેળો મજાક બન્યો

ફ્લાવર શોમાં મૂકાયેલી 'સુરત મેટ્રો'ની કૃતિ પણ મજાકનું વિષય બની છે. નબળી ફિનિશિંગને કારણે લોકો સોશિયલ મીડિયામાં મજાક ઉડાડતાં પૂછે છે કે, જો 'મેટ્રો'નું બોર્ડ ન લગાવ્યું હોત તો આ કૃતિને લોકો મજાર જ સમજી લેત. આટલી પ્રતિષ્ઠિત ઇવેન્ટમાં આર્કિટેક્ચરલ અને વિઝ્યુઅલ ડિઝાઇનમાં આવી મોટી ચૂક તે મનપાની નબળાઈ છતી કરી રહ્યું છે.

### પ્રવેશ મફત પણ વાહનના પાર્કિંગ માટે નાણાંની દરખાસ્ત ઝોન લઈ આવ્યું હતું

શાસકો દ્વારા અમદાવાદના ફ્લાવર શોને ટક્કર આપે તેવો ભવ્ય ફ્લાવર શો આયોજીત કરવા સુચના આપવામાં આવી હતી પરંતુ મનપાના વહીવટી તંત્રએ ભારે વેઠ જ ઉતારી છે. મેળામાં પ્રવેશ વિનામૂલ્યે રાખવામાં આવ્યો છે. પરંતુ અઠવા ઝોન દ્વારા મુલાકાતીઓ માટે પે એન્ડ પાર્ક રાખવાની દરખાસ્ત રજૂ કરાઈ હતી. એક તરફ પ્રવેશ મફત અને બીજી તરફ વાહનના પાર્કિંગ માટે નાણાંની ચૂકવણી!, જોકે, શાસકોએ આ દરખાસ્ત ફગાવી દીધઈ હતી અને સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે આ દરખાસ્ત ફગાવી દેતી વખતે તંત્રને ઠપકો પણ આપ્યો હતો.

# ગંદકી-તીવ્ર દુર્ગંધ વચ્ચે પણ એસટીનું તંત્ર મીઠી નિંદરમાં

**કોન્ટ્રાક્ટર** ડેપો મેનેજરની નોટિસને ઘોળીને પી ગયો? ગંદકી ઠેરની ઠેર, કોઈ જ ફરક પડ્યો નહીં

સુરતઃ સુરત સેન્ટ્રલ એસ.ટી. ડેપોમાં ગંદકી બાબતે અહેવાલ પ્રસિદ્ધ થયા પછી ડેપો મેનેજરે કોન્ટ્રાક્ટર કોમલ એન્ટરપ્રાઈઝને નોટિસ ફટકારી છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા તંત્રની નોટિસને માત્ર મજાકમાં લેવાતી હોય તેવું લાગી રહ્યું છે. નોટિસ આપ્યાના બે દિવસ પછી પણ ગંદકી ઠેરની ઠેર છે.

સુરત સેન્ટ્રલ એસ.ટી. ડેપોમાં મુસાફરોની સુવિધાના નામે માત્ર પોકળ દાવાઓ જ



થઈ રહ્યા છે. અસહ્ય ગંદકી અને નરકાગાર જેવી સ્થિતિ બાદ તંત્રએ દેખાડો કરવા માટે 'કોમલ એન્ટરપ્રાઈઝને નોટિસ તો ફટકારી, પરંતુ આ નોટિસ માત્ર કાગળનો ટુકડો સાબિત થઈ રહી છે. ગંભીર બાબત એ છે કે તંત્રની આ કહેવાતી કાર્યવાહી બાદ પણ ડેપોમાં ગંદકીનું સામ્રાજ્ય જૈસે થે સ્થિતિમાં જોવા મળી રહ્યું છે, જેનાથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે.

ડેપો મેનેજર કે.એચ. નાય દ્વારા એજન્સીને આપવામાં આવેલી નોટિસ માત્ર એક દેખાડો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. સવાલ એ ઊભો થાય છે કે કરોડો રૂપિયાના સફાઈના ટેન્ડરો આપવા છતાં જો મુસાફરોને ગંદકીમાં જ રહેવું પડતું હોય, તો આ નાણાં જાય છે ક્યાં? કોન્ટ્રાક્ટર સામે બ્લેકલિસ્ટિંગ કે પેનલ્ટી જેવા કડક પગલાં લેવાને બદલે માત્ર 'સૂચના' આપીને તંત્ર કોને બચાવવા માંગે છે તે તપાસનો વિષય છે.

## પાલમાં રિક્ષાચાલકે સાળાના ઘર બહાર ગૃહ કલેશમાં અગ્નિસ્નાન કર્યું

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના 53 વર્ષીય સંતોષ ભીખાજી ડાબોરકર નાનપુરા સ્થિત ઘનશ્યામ એપાર્ટમેન્ટમાં પત્ની અને બે દીકરીઓ સાથે રહેતા હતા અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા હતા. પરિવારિક અણબનાવને કારણે પત્ની બે દિવસ પહેલાં પાલ ખાતે ભાઈના ઘરે રહેવા ગઈ હતી. ગઈ કાલે સંતોષભાઈ પત્નીને મળવા સાળાના ઘરે પહોંચ્યા હતા. ત્યાંથી બહાર નીકળ્યા બાદ તેમણે પોતાના શરીરે જ્વલનશીલ પદાર્થ છાંટી અગ્નિસ્નાન કર્યું હોવાનું કહેવામાં આવે છે. પીઆઈ શીતલ શાહ મુજબ પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે કે પતિ-પત્ની વચ્ચે પૈસાની માંગણીને લઈને ઝઘડા થતા હતા. બીજી તરફ મૃતકની બહેને આક્ષેપ કર્યો છે કે પત્ની તેમને સાથે રાખવા તૈયાર નહોતી અને માનસિક તણાવ આપતી હતી.

# ગુજસીટોકનો આરોપી કુખ્યાત સજ્જુ કોઠારી ફરી જેલભેગો

**હાઈકોર્ટે** આપેલા જામીનની શરતનો ભંગ કરી સુરતમાં પ્રવેશી ગુનો આચર્યો હતો

સુરતઃ ગુજસીટોકનાં આરોપી સજ્જુ કોઠારીના જામીન રદ કરવા માટે સરકાર પક્ષે શરતભંગ અંગેની અરજી ડિસ્ટ્રીક્ટ કોર્ટેમાં કરાતાં કોર્ટે આ અરજી મંજૂર કરીને જામીન રદ કરી આરોપીને જેલ કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો છે.

આરોપી સાજીદ ઉર્ફે સજ્જુ ગુલામ મહંમદ કોઠારી વિરુદ્ધ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક એકટ અન્વયે ગુનો નોંધાયો હતો. આ કેસમાં આરોપીને હાઈકોર્ટમાંથી જામીન મળ્યાં હતાં, જેમાં સુરતમાં નહીં પ્રવેશવાની શરતનો તેણે ભંગ કર્યો હતો. જેથી સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા મારફતે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જામીન રદ કરવા અરજી કરી હતી.

સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ રજૂઆત કરી હતી કે આરોપીએ કેસની ન્યાયિક કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી દક્ષિણ ગુજરાતની હદમાં પ્રવેશ કરવાનો ન હતો, તેમ છતાં સુરત શહેરમાં પ્રવેશ કરી આરોપી સજ્જુ અને તેનાં ભાઈ યુનુસ ગુલામ મોહંમદ કોઠારીએ ૦૯.૦૫.૨૦૨૫ના રોજ ફરિયાદી મોહંમદ આકીબના રહેણાંકના ફ્લેટમાં ઘૂસી, પિસ્તોલ તાંકી ધમકી આપી હતી, જે અંગે અઠવા પોલીસ સ્ટેશને ગુનો નોંધાયો હતો. પોલીસે બે પિસ્તોલ અને કાટિઝ કબજે કર્યા હતા. આરોપીએ હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલી શરતનો ભંગ કર્યો હોવાથી જામીન રદ કરી જેલ કસ્ટડીમાં લેવા રજૂઆત કરી હતી.

# 'માણીયા હોસ્પિટલ'ની ડી-વોલ મુદ્દે રજાચિટ્ટી સ્થગિત

**સાઈટ** સુપરવાઈઝર, આર્કિટેક્ટ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરનું લાઇસન્સ સસ્પેન્ડ કરી દેવાયું

**તાત્કાલિક** ધોરણે પગલાં તરીકે 180 ટ્રક ભરીને માટી પુરાણ કરવામાં આવ્યું

સુરતઃ અડાજણ વિસ્તારમાં ઈન્કમ ટેક્સ ભવનની સામે નિર્માણાધીન હોસ્પિટલની સાઈટ પર રવિવારે રાત્રે ડાયાફ્રેમ વોલ ધસી પડતાં અફરાતફરી સર્જાઈ હતી. સદભાગ્યે ઘટનામાં કોઈને ઈજા પહોંચી નહોતી. જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. સૂત્રો મુજબ બેઝમેન્ટના ખોદકામ દરમિયાન વોલ પાસે મૂકાયેલ ભારે સ્ટીલના ભારને કારણે દીવાલ ધરાશાયી થઈ હતી. ઘટના બાદ કોન્ટ્રાક્ટરે તાત્કાલિક માટી પુરાણ શરૂ કરી આજે દિવસ દરમિયાન ૧૮૦ ટ્રક ભરીને માટી પુરાણ કરવામાં આવ્યું હતું. જોકે દિવાલ તુટી પડવાને કારણે આસપાસની મિલકતોના સ્ટ્રકચરને કોઈ નુકશાન થયું ન હોવાનું સુત્રો પાસેથી જાણવા મળે છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ મનપા મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગ દ્વારા દ્વારા માણીયા હોસ્પિટલની રજા ચિઠ્ઠી સ્થગિત કરી દેવામાં આવી હતી. આ સાથે સાઈટ સુપર વાઈઝર અને આર્કીટેકટ હિતેશ બલદાણીયા અને સ્ટ્રકચર ડીઝાઈનર જય કાસોદરીયાનું લાયસન્સ ૬ માસ માટે રદ કરી દેવામાં આવ્યું છે.

## CBSE દ્વારા પ્રિન્સિપાલ્સ માટે ખાસ ડેશબોર્ડ લોન્ચ

સુરતઃ CBSE દ્વારા ઓનલાઈન સ્ક્રીન માર્કિંગ (OSM) પ્રણાલી હેઠળ શિક્ષકો માટે ફરજિયાત મોક ઈવેલ્યુએશન પ્રક્રિયા સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે પ્રિન્સિપાલ્સ અને હેડ ઓફ સ્કૂલ (HoS) માટે વિશેષ OSM ડેશબોર્ડ શરૂ કરવામાં આવ્યું છે.

નવા OSM ડેશબોર્ડ મારફતે પ્રિન્સિપાલ્સ શાળામાં કુલ ઈવેલ્યુએટર્સની સંખ્યા, પ્રેક્ટિસ સેશન પૂર્ણ કરનાર શિક્ષકો, લોગિન કર્યા બાદ પણ સેશન પૂર્ણ ન કરનાર શિક્ષકો, અત્યાર સુધી મૂલ્યાંકન કરાયેલ ઉત્તરપત્રિકાઓની સંખ્યા, હજી સુધી લોગિન ન કરનાર શિક્ષકોની માહિતી જોઈ શકશે. આ સુવિધાથી શાળાપ્રમુખોને ખામી ઓળખી સમયસર માર્ગદર્શન આપવું અને પ્રેક્ટિસ સેશન પૂર્ણ કરાવવું સરળ બનશે.

# બોગસ ડીડ બનાવનારી સિન્ડિકેટની સામે સીઆઈડી ક્રાઈમ નતમસ્તક!

**સુરતમાં** બનેલાં બોગસ ડીડનો FSL રિપોર્ટ છતાં શાશ્વત શાહની રજૂઆત ધ્યાને લેવાતી નહીં હોવાનો આક્ષેપ

સુરતઃસુરતમાં કોઈપણ પ્રકારનો આર્થિક વ્યવહાર થયો ન હોવા છતાં પણ બોગસ પેઢીની સિન્ડિકેટના દબાણથી સીઆઈડી ક્રાઈમ દ્વારા શાશ્વત રાકેશ શાહની સામે દાખલ થયેલા ગુના સંદર્ભે એડવોકેટ વિલાસ પાટીલે ગંભીર આક્ષેપો કર્યા હતા. રાજકીય ઓથ ધરાવતી આ ગુનાહિત કૃત્ય કરનારા સામે કાર્યવાહી કરવાને બદલે પોલીસે બોગસ ભાગીદારી ડીડનાં આધારે ગુનો દાખલ કરી સિન્ડિકેટના ષડયંત્રનો ભોગ બનનાર શાશ્વત શાહને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમ આજે પત્રકાર પરિષદમાં શાશ્વત શાહના વકીલ વિલાસ પાટીલે જણાવ્યું હતું. વધુમાં માહિતી આપતા તેમણે જણાવ્યું કે નાસિક ખાતે નોંધાયેલી કયુપ્રાઈટ ઈન્ફોટેકના શાશ્વત શાહ ઓરિસ્સા સરકારમાં આંગણવાડીના કામો ટેન્ડરથી કરે છે, જેમાં સામાપક્ષે સુધીર બળવંત ચરખાવાલા ,ગ્રુપ ઓફ ગાંધીના મનોજ અરવિંદ ગાંધી, સિંગર નિલેશ ફુલચંદ રાણાવત, ભાવિન જયંતીભાઈ લાપસીવાલા, નોટરી અશોક આહીર, સંદિપ જાનકીરામ પાટીલ, જીતેશ કાંતિલાલ શાહે એકબીજાના મેળાપીપણામાં બોગસ ભાગીદારી ડીડ બનાવી આ ભાગીદારી ડીડનો ખરા તરીકે ઉપયોગ કરી સીઆઈડી ક્રાઈમમાં ખોટી રીતે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ડિડ બોગસ ડીડ હોવાનો એફએસએલ રિપોર્ટ આવ્યો હોવા છતાં પણ પોલીસે કાર્યવાહી કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે અંકિત ગજ્જર તથા વલય પટેલે સેમ નામ ધરાવતી કંપની બનાવી રૂપિયા ૯ કરોડનું પેમેન્ટ ટ્રાન્સફર કરાવ્યું હતું. આ દરમિયાન સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર ખાતે જે ડીડના આધારે ગુનો દાખલ કર્યો હતો, તે ડીડના નોટરી રજિસ્ટરના ચોપડાનું ઍફ.ઍસ. ઍલ. થયું હતું આ ડીડ બોગસ હોવાનો અભિપ્રાય દર્શાવતો રીપોર્ટ સંદર્ભે સીઆઈડી ક્રાઈમને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ શાશ્વત શાહ સામે થયેલી ખોટી ફરિયાદ સંદર્ભે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

**રંગોત્સવ** ગુલાલ બોમ્બ, લેઝર ગન અને ફાયર સિલિન્ડરો જેવી પિચકારી બાળકોમાં ફેવરિટ

# ધુળેટીમાં ગુલાલ સિલિન્ડર લેસર ગનનો ટ્રેન્ડ








સુરતઃ હોળી-ધૂળેટીનો તહેવાર નજીક આવતા બજારોમાં રંગો અને પિચકારીઓની ખરીદી જોર પકડી રહી છે. દર વર્ષે જેમ નવા ડિઝાઈન અને નવા પ્રકારની પિચકારીઓ આવતી હોય છે, તેમ આ વર્ષે પણ બજારમાં અનોખાં અને આકર્ષક વેરિઅન્ટ્સ જોવા મળી રહ્યા છે.

ઘોડદોડ રોડ પર પિચકારીના રિટેઈલ સ્ટોલ ધરાવતા વંદનાબેન દલાલ જણાવે છે કે, "આ વર્ષે ન્યુ અરાઈવલમાં ગુલાલ બોમ્બ, લેઝર ગન અને ફાયર સિલિન્ડર સૌથી વધુ ડિમાન્ડમાં છે. બાળકોને માત્ર રંગ ઉડાડવો નહીં પરંતુ રમકડાં જેવી મજા પણ જોઈએ છે, તેથી આવા મોડર્ન મોડેલ્સ ઝડપથી વેચાઈ રહ્યા છે."

ગુલાલ બોમ્બ ખાસ પ્રકારની બોલ આકારની વસ્તુ હોય છે જેમાં ગુલાલ ભરેલો હોય છે. તેને ફેંકતા જ રંગનો ધડાકો થાય છે અને ફરીથી તેમાં ગુલાલ ભરીને ઉપયોગ કરી શકાય છે. જ્યારે લેઝર ગન પિચકારી બંદૂકના આકારમાં બનેલી હોય છે, જેમાં લાઈટ, મ્યુઝિક અને કલર સ્પ્રે જેવી સુવિધાઓ હોય છે. બાળકોમાં આ પિચકારી ખૂબ લોકપ્રિય બની રહી છે.

બીજી તરફ ફાયર સિલિન્ડર પિચકારી ફાયર બ્રિગેડના સાધનો જેવી દેખાય છે. તેમાં એક નોઝલ તથા બે નોઝલવાળા મોડેલ મળે છે, જે સતત રંગ અથવા ગુલાલ છોડે છે. પાણીની ટાંકી મોટી હોવાથી લાંબા સમય સુધી રમવામાં સરળતા રહે છે. પરિવાર સાથે રમતા બાળકો માટે આ ખાસ પસંદગી બની રહી છે.

વેપારીઓના જણાવ્યા મુજબ વિવિધ પ્રકારની પિચકારીઓની કિંમત રૂ.200 થી લઈને રૂ.1000 સુધી છે. સામાન્ય પિચકારીઓ ઉપરાંત બેટરીથી ચાલતી અને મ્યુઝિકવાળી પિચકારીઓ પણ ઉપલબ્ધ છે. ખરીદદારો ખાસ કરીને મજબૂત અને ફરીથી ઉપયોગ કરી શકાય તેવી વસ્તુઓ પસંદ કરી રહ્યા છે.




હોળીના તહેવારમાં રંગો સાથે રમવાની પરંપરા વર્ષો જૂની છે, પરંતુ બદલાતા સમયમાં તેમાં ટેકનોલોજી અને ક્રિએટિવિટી ઉમેરાતાં બાળકો માટે તહેવાર વધુ રોમાંચક બની રહ્યો છે. વેપારીઓને આશા છે કે ધૂળેટીના દિવસનો નજીક આવતા વેચાણમાં વધુ તેજી આવશે.

## ગુલાલના ભાવમાં10થી 20 ટકા વધારો

સુરત : હોળી નજીક આવતાં રંગો સાથે ગુલાલની માંગ પણ વધી છે, પરંતુ આ વર્ષે ગુલાલના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. નવસારી બજારમાં ગુલાલના હોલસેલ વેપારીઓ જણાવે છે કે શહેરમાં આવતો મોટાભાગનો ગુલાલ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના હાથરસ વિસ્તારમાંથી સપ્લાય થાય છે. બજારમાં બે પ્રકારનો ગુલાલ વધુ વેચાય છે સિન્થેટિક અને ઓર્ગેનિક ગુલાલ ફૂલોમાંથી બનાવવામાં આવે છે અને સુગંધિત હોય છે, જેના કારણે તે ત્વચા માટે સલામત માનવામાં આવે છે. બીજી તરફ સિન્થેટિક ગુલાલ સસ્તો હોય છે પરંતુ તેમાં કેમિકલ્સ હોઈ શકે છે. વેપારીઓ મુજબ 17 ટકા જીએસટી, ટ્રાન્સપોર્ટ ખર્ચ અને વધતી મોંઘવારીને કારણે બંને પ્રકારના ગુલાલના ભાવમાં 10 થી 20 ટકા વધારો થયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### 'બુઝુર્ગો કા હમસફર'ની 'સૂરમયી સફર' સચિનમાં યોજાઈ



સુરતઃ સચીન ખાતે ફેમિલી ફીઝિશિયન્સ એસો. દ્વારા પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય, સચીન તથા (RCC) રોટરી કોમ્યુનિટી કોર્પ્સ, સચીનના સહયોગથી સ્થાનિક ચાર સિનિયર સિટીઝન ટ્રસ્ટના વરિષ્ઠ નાગરિકો માટે "બુઝ્ર્ગો કા હમસફર"અંતર્ગત"સુરમયી સફર"કાર્યક્રમ યોજાયો હતો. બ્રહ્માકુમારીઝના મુખ્ય સંચાલક બી.કે. સવિતા દીદીએ સંસ્થાની પ્રવૃત્તિરજૂ કરી હતી. પધારેલા ડોક્ટર મહેમાનોનું તેમજ સાથે સિનિયર સિટીઝનના ભવાનભાઈ પટેલ, બહાદુરસિંહ સોલંકી સહિતનું બી.કે. સવિતા દીદી અને રીના દીદી, આર.સી.સી.ના પ્રમુખ ધનસુખભાઈ પટેલ, સેક્રેટરી વિજય ટેલર, ખજાનચી મોહનલાલ સોની અને ચેરમેન પ્રકાશ ભાવસારે સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં ડો. દીપક તોરાવાલા, ઈલા તોરાવાલા, ડો. જયેન્દ્ર કાપડિયા તથા પારુલ કાપડિયા, ડો. જયેશ તમાકુવાલા, દિપ્તીબેન, હીનાબેન, ડો.સંજય શાહે ગીતો રજૂ કર્યા હતા. સંચાલન ડો. જયેન્દ્ર કાપડિયા તથા સંકલનકર્તા તરીકે ડો. દીપક તોરાવાલાએ સેવા આપી હતી.

### સૌરાષ્ટ્ર વાંઝા જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ સુરત દ્વારા ચતુર્થ સમૂહલગ્ન યોજાયો




સુરતઃ વાંઝા જ્ઞાતિ સમાજ દ્વારા તા.૨૨/૨/૨૦૨૬ ના રોજ યોજાયેલા ચોથા સમૂહલગ્નમાં ૮ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં ગુજરાતના જિલ્લા, તાલુકાઓમાંથી સમાજના પ્રમુખો, પ્રતિનિધિઓ, આગેવાનો, સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને સ્નેહીજનો આમંત્રિત મહેમાનોએ આ નવદંપતીઓને આર્શીવચન પાઠવ્યા છે. સમૂહ લગ્નોત્સવમાં સુરત સમાજ તરફથી તેમજ દાતાઓ તરફથી દરેક કન્યાને કરિયાવરરૂપી ૭૫ જેટલી વસ્તુ ભેટ સોગાદ અને ૪,૦૦૦ રોકડ કરિયાવર આપીને પુણ્યનું ભાથું બાંધ્યું છે.

### પાવરલિફ્ટિંગમાં મોહસીન શેઠને 'નેશનલ પ્રાઇડ એવોર્ડ' અપાયો



સુરતઃ ત્રેતાયુગ ફાઉન્ડેશન દ્વારા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે આયોજિત ખાસ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય પાવરલિફ્ટિંગ ગોલ્ડ મેડલિસ્ટ અને ઉદ્યોગસાહસિક મોહસીન અલીમોહમ્મદ શેઠને 'નેશનલ પ્રાઇડ એન્ડ એક્સેલન્સ એવોર્ડ 2026'થી નવાજવામાં આવ્યા છે. તેમને આ સન્માન રમતગમત ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને રાષ્ટ્ર નિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાન બદલ આપવામાં આવ્યું છે. તેમની આ સિદ્ધિ બદલ પરિવાર અને સ્નેહીજનો તરફથી અભિનંદન અપાયા હતા.

### વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે રવીન્દ્ર પારેખે નર્મદ યુનિ.માં વક્તવ્ય આપ્યું



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફથી વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે સવારે 11 વાગે 'નર્મદ સ્મૃતિ ભવન' ખાતે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં કુલપતિ કે.એન. ચાવડાના ઉદબોધન પછી, રવીન્દ્ર પારેખનું માતૃભાષા વિષય પર વક્તવ્ય યોજાયું હતું. તેમાં વક્તવ્ય ઉપરાંત રવીન્દ્ર પારેખે સ્વરચિત કાવ્યોનો પાઠ કરી માતૃભાષાનો વિશેષ મહિમા કર્યો હતો.

### પંચમ્ ગ્રુપ દ્વારા સંગીતકાર શંકર-જયકિશનના ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા ૩૬૧મો સંગીતકાર શંકર જયકિશનના ગીતોનો જાહેર કાર્યક્રમ ૨૨મી ફેબ્રુઆરીના રવિવારે સ્વરંગાન સ્ટુડિયો પાલ સુરત યોજાયો હતો. જેમાં ગાયકો રિદ્ધિશકુમાર, એડવોકેટ વસંત રાઠોડ, શીતલ મેહતા, મિનેશ જૈન, દીપા ચંદા, રીમા શર્મા, સંગીતા જૈન, હરેશ ભટ્ટી, અનિલ દલાલ, વૈશાલી ફાટક, નૈષધ શુક્લા, જયસુખ શુક્લા, કલ્પના શુક્લા,આશિષ દારૂવાલા અને રિતેશ પટેલે શંકર જયકિશનના ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંગીતા જૈને કર્યું હતું.

### ICAI ઇન્ડિયા દ્વારા 700 CMA વિદ્યાર્થીઓનું સન્માન



સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ અકાઉન્ટ ઓફ ઇન્ડિયા (ICMAI) ના સુરત સાઉથ ગુજરાત ચેપ્ટર દ્વારા ડિસેમ્બર 2025માં ફાઉન્ડેશન, ઇન્ટરમિડીયેટ અને ફાઇનલમાં પાસ થયેલા આશરે 700 વિદ્યાર્થીઓનું સન્માન અને પ્રાઇઝ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય અતિથિ તરીકે ICMAI સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર CMA ડો. આશિષ થટ્ટે તથા વીએનએસજીયુના કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### યુપીમાં રૂપિયા 19877 કરોડના રોકાણના એમઓયુ કરાયા

સુરતઃ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે યુપીમાં રોકાણ અને કૌશલ્ય વિકાસ માટે વિવિધ સંસ્થાઓ તેમજ કંપનીઓ સાથે રૂપિયા 19877 કરોડના રોકાણ પ્રસ્તાવો પર એમઓયુ કર્યા હતા. જે પ્રદેશની અર્થવ્યવસ્થા અને રોજગાર સર્જન માટે મહત્વના મનાઈ રહ્યા છે.

### શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલમાં 'જોય જંક્શન'નું ઉત્સાહભેર આયોજન



સુરતઃ શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલના વિશાળ પ્રાંગણમાં તારીખ 22 ફેબ્રુઆરીના રોજ "જોય જંક્શન" કાર્યક્રમનો ભવ્ય અને ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ, વાલીઓ અને મહેમાનોની હાજરીથી સમગ્ર મેદાન મેળાવડા જેવું જીવંત બની ગયું હતું. કાર્યક્રમના વિશેષ આકર્ષણ તરીકે લોકપ્રિય ટેલિવિઝન શ્રેણી Taarak Mehta Ka Ooltah Chashmah ના પ્રિય પાત્ર Pinku ઉપસ્થિત રહ્યા હતા. લગભગ 60 થી 65 સ્ટોલ વિદ્યાર્થીઓએ પોતે જ યોજ્યા અને સંચાલિત કર્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, વ્યવસાયિક કુશળતા, સંચાર કૌશલ્ય અને ટીમ વર્કની ભાવના વિકસાવવાનો હતો. શાળા સંચાલક મંડળે વિદ્યાર્થીઓની મહેનત અને વાલીઓના સહકારની પ્રશંસા કરી હતી.